Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ જ્યેષ્ઠ

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## કમળ–પાંખડી

સવ ગુણોમાં નમ્રતા, નિરભિમાનતા, એ મુખ્ય ગુણ છે એ ન ભૂલશો. જેનો રસ–કસ સૂકાઈ ગયો છે એવાં સૂકાં ઝાડ હંમેશાં અક્કડ બનીને ઊભાં રહે છે, પણ જેમનામાં રસ છે, જે પ્રાણી માત્રને મીઠાં–પાકાં ફળ આપે છે તે તો નીચા નમીને જ પોતાની ઉત્તમતા પૂરવાર કરે છે. નમ્રતાથી શરમાવાનું નથી. કોઈ ગાળ દે, અપમાન કરે, તો પણ આપણે ફળથી ઝુકેલાં આમ્રતરુની જેમ સર્વદા નમ્રીભૂત બનીને લોકોપકાર કરવો. —શ્રી વિજયાનંદસૂરિ

× × ×

સાચા ધર્મગુરુમાં શાસ્ત્રરહસ્ય જ્ઞાન, પવિત્ર આચરણ અને શુદ્ધ હેતુ એ ત્રણ ગુણ હોવા જોઇએ. કેટલાક લોકો કહે છે કે–ગુરુના આચાર અને ગુપ્ત વર્તનનો વિચાર આપણે શા માટે કરવો જોઇએ ? આપણે તો માત્ર તે જે ઉપદેશ આપે તેનો જ વિચાર કરવો જોઇએ. પરંતુ તેમનું એ કથન યથાસ્થિત નથી. આત્માની શુદ્ધિ થયા વિના પરમાત્માના દર્શન કિંવા દિવ્ય જ્ઞાન–અતીન્દ્રિય જ્ઞાનની એક કોડી માત્ર પણ પ્રાપ્તિ થવાનો સંભવ નથી. જેનામાં આધ્યાત્મિક શક્તિ ન હોય તે બીજાનો ઉદ્ધાર શી રીતે કરી શકે ? ગુરુના મનમાં પરમાર્થ-જ્ઞાનની એવી બલવતી લહરીઓ આવવી જોઇએ કે (ચંદ્રોદય થતાં જ સમુદ્રમાં ભરતી આવે છે તેમ) પ્રેમના વેગથી તેનું અંતઃકરણ શિષ્યના અંતઃકરણને પકડી શકે. શિષ્યમાં રહેલી બુદ્ધિમત્તા અને તેના ગુણોને કેવળ ઉત્તેજન આપવું એટલું જ ગુરુનું કર્તવ્ય નથી. પણ તેના આત્માની થોડી ઘણી પણ ઉન્નતિ તો કરવી જ એ તેનું પ્રધાન કર્તવ્ય છે. સત્ય અને ગુણવિશિષ્ટ એવો એક પ્રકારનો પ્રવાહ ગુરુના મનમાંથી નીકળીને શિષ્યના મનમાં જતો હોય છે. માટે ગુરુ પવિત્ર જ હોવા જોઇએ. —સ્વામી વિવેકાનંદ

× × ×

જીવનમાં એક હેતુ રહેલો છે અને તે જ એક માત્ર સાચો અને સદા સ્થાયી રહેનારો હેતુ છે–પ્રભુ. તેમના તરફ વળો અને ખાલીપણું ચાલ્યું જશે. —માતાજી

× × ×

આપણને થતા પ્રત્યેક દુઃખમાં અને વેદનાની ભીતરમાં એક તીવ્ર આનંદની જ્વાલા ગુપ્ત રીતે છુપાયેલી છે. એ તીવ્ર આનંદની સરખામણીમાં આપણા મહાનમાં મહાન આનંદ વિનોદો પણ એક આંખા ઝબકારા જેવા જ હોય છે. —શ્રી અરવિંદ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૫ ] જુન : ૧૯૭૮ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| સંસાર સાગરે | ડો. ધીરજલાલ મુનિ–અમરગઢ | ૧૩૧ |
| બહિરાત્મા અને અંતરાત્મા | રતીલાલ માણેકચંદ શાહ–નડીઆદ | ૧૩૨ |
| શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનું આદર્શ જીવન | મુનિશ્રી ચરણવિજયજી | ૧૩૩ |
| સ્વામિભાઇનું એક અનોખું ચિત્ર | શ્રી જગજીવનદાસ કપાસી–ચુડા | ૧૩૪ |
| વીર્યપતનથી સર્જાતો નાશ | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) | ૧૩૭ |
| ગણિકાના આવાસમાં મહાત્માનો નિવાસ | અધ્યાયી | ૧૩૯ |
| જ્ઞાનીની દશા | | ૧૪૫ |
| આ. શ્રી. વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજીનું જીવન | | ૧૪૬ |


આ સભાના નવા આજીવન સભ્ય

**શ્રી રમણીકલાલ દેવચંદભાઇ** (પાલીતાણાવાળા) **ભાવનગર**

## શ્રી જૈન આત્માનંદ સભાનો વાર્ષિક ઉત્સવ

જેઠ સુદ ૫ રવિવારે સારી સંખ્યામાં મેમ્બરો તળાજા ગયા હતા. તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠશ્રી મુળચંદ નથુભાઇ તરફથી રાગ-રાગિણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈની તથા ભાવનગરવાળા શેઠ નાનચંદ તારાચંદભાઈ (હાલ મુંબઈ)ની રકમના વ્યાજ વડે સભાસદ્ બંધુઓનું પ્રીતિભોજન રાખવામાં આવ્યું હતું. તે પછી સભાની કાર્યવાહીનું અવલોકન કરવામાં આવ્યું હતું અને વિશેષ પ્રગતિ માટે વિચારણા કરવામાં આવી હતી.

હે પ્રાણેશ્વર! મારા સકલ અંગો ઉપર રાત–દિન તારો સ્પર્શ લાગેલો જ છે, એ સદા યાદ રાખી હું મારૂં શરીર પવિત્ર રાખીશ.

હે પરમ જ્ઞાનસ્વરૂપ! મારા મનમાં તું વિરાજે છે, તે સદા સ્મરણમાં રાખીશ. મારા હૃદયમાં તારૂં અચલ આસન છે, એ ધ્યાનમાં રાખી સઘળા કુટિલ દોષને અને સર્વ અમંગળને હું હાંકી કાઢીશ. પ્રેમને સદા પ્રફુલ્લ અને નિર્મળ રાખીશ.

સર્વ કર્મોમાં તારી જ શક્તિ પ્રવર્તે છે એમ જાણીને સકળ કર્મોમાં તને જ પ્રગટ કરીશ.

—શ્રી રવિન્દ્રનાથ ટાગોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ જ્યેષ્ઠ : જુન ૧૯૭૮ | અંક : ૮

## સંસાર સાગરે....



નહાવું છે સંસાર સાગરે, બસ એક નિશ્ચય કરી લીધો;
જાવું છે સંસારમાં મારે, બસ એ જ નિર્ણય કરી લીધો. ૧
અહંકાર છે મહાસાગર, અહંકાર સંસાર,
તરંગો તેમાં ઘણાં, વાસના વૃત્તિઓતણાં;
છતાં મારે તો નહાવું છે સંસારના મહાસાગરે. ૨
કોડ ભરી એક કન્યા પરણ્યો, અઢળક જન્મ્યાં બાળ,
પૈસા કાજે ખૂબ જ ભટકયો, તન મનનું ગુમાવ્યું ભાન;
હજારનાં લાખ અને કરોડ, એક જ ધૂન એક જ દોડ,
મોટરો દોડી, મહેલો બન્યાં, સંપત્તિની રેલંછેલ,
પણ શેઠને ના મળે શાંતિ! દોડવાની પડી ગઈ ટેવ.
પૈસો મળ્યો પણ પદ કયાં છે? મોભો કયાં છે? સત્તા કયાં છે?
ભટકયો સત્તાનાં વમળોમાં, સત્તા મળી ને શાણપણ ગયું!
મેળવવાનું કંઈ બાકી ના રહ્યું, ગુમાવવાને પણ શું રહ્યું?! ૩
બાળ ગોઠિયા ના ઓળખી શકે, બન્યો બેડોળ, ગોળમટોળ,
ભોજન ઘણું પણ ભૂખ ગઈ! છત્રપલંગે ઊંઘ નહીં!
ડરામણાં સપનાઓ આવે, સદા મોતના ભયમાં.
શરીર સાવ અટકી ગયું, મન સાવ ભટકી ગયું,
દિન રાત ડોકટર ને દવા, રોગોનો નહીં પાર;
ફેફસામાં ખૂટી ગઈ હવા, મૃત્યુને નહીં વાર. ૪
ડૂબુ છું સંસાર સાગરે, ગુંગળાવ છું, ગભરાવ છું,
સંસારે સઘળું આવું હશે? નો'તી મને ખબર;
ડૂબતાં ડૂબતાં કહેતો જાવુ છું, એક શીખામણ દેતો જાવ છું,
સંસાર સાગરે પડતાં પહેલા, તરવાનું સૌ શીખી લેજો. ૫

રચયિતા :
ડૉ. ધીરજલાલ મુનિ
અમરગઢ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બહિરાત્મા અને અંતરાત્મા

લેખક : રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

માયામાં મસ્ત બનેલો માનવ, ભૌતિક સુખની પાછળ પાગલ બની, તે સુખો પ્રાપ્ત કરવાના ઉપાયો યોજે છે. અને બાહ્ય પદાર્થોપર મમત્વ ભાવ કરી અનંતા બંધનો ઉભા કરે છે. પણ તેને ખબર નથી કે, તે પ્રત્યેક સાધનો અંતે દગો દેનાર છે. કારણ કે તે ચલાયમાન અસ્થિર, પરિવર્તનશીલ અને નાશવંત છે. તેના ભરોસે રહેનાર વ્યક્તિ છેતરાય છે, કારણ કે તે સાધનો એક દિવસ આપણે છોડવા પડે છે અગર તો તે આપણને છોડીને ચાલ્યા જાય છે. કારણ કે તે કાયમ સાથે રહેતા નથી, તે તો પર છે. પરને પોતાના માની શકાય ખરા ? જે કાયમ સાથે રહે તેને જ પોતાના માની શકાયને? તે તો કેવળ એકલો આત્મા જ છે જે ચેતન છે, નિત્ય છે, અજર છે, અમર છે.

જેને આત્મ તત્ત્વની પીછાણ થઈ છે, જડ-ચેતનનું ભેદ જ્ઞાન થયેલ છે, તેવા આત્માઓ સ્વ સ્વરૂપનું અનુસંધાન કરી સ્વ સ્વભાવમાં ઠરે છે, અને તેમાં રમણતા કરે છે; ત્યારે બાહ્ય દૃષ્ટિવાળાઓ, અંતરના દ્વાર બંધ કરીને, બાહ્ય પદાર્થોમાં રાચે છે. અને અનેક બંધનો ઉભા કરે છે. ત્યારે સત્ પુરુષો આત્માની અનુભૂતિ કરી, ચારિત્રનું પ્રગટીકરણ કરી, આત્મામાં ચરે છે એટલે કે આત્મામાં વિચરે છે, સામાન્ય માનવી સુખને બહારમાં શોધે છે. ત્યારે જ્ઞાની જ્યાં સુખ છે ત્યાં ડૂબકી મારે છે. બહારના કોઈ પદાર્થોમાં સુખ આપવાની શક્તિ નથી, તેમાં માનેલું સુખ તે તો કાલ્પનિક સુખ છે. કારણ કે તે સુખ કાયમ ટકતું નથી. કાયમ ટકનારું સુખ તો આત્મામાં છે, જે તેનો મૂળ સ્વભાવ છે, આત્મા અખંડ આનંદ-સુખ અને જ્ઞાનમય છે, માટે તેને ત્યાં સોધવું અત્યંત આવશ્યક છે. જે જ્યાં છે, ત્યાં તેને શોધો. બહારમાં શોધ્યે તે નહીં જડે. પરંતુ આજનો માનવી સવિશેષે ભૌતિક સુખમાં રાચતો હોવાથી બહારની દુનિયામાં ઓતપ્રોત બની ગયો છે; અને આત્માને ભૂલી ગયો છે. જેને ભૂલવા જેવું નથી તે ભૂલી ગયો અને જેને સંભાળવા જેવું નથી તેને સંભાળતો રહ્યો આજ ‘ મૂળમાં ભૂલ છે. ’ એટલે તે સાચા સુખનો આવિષ્કાર કરી શકતો નથી. માયારૂપી ધૂપમાં કાયાને ખૂંપાવીને કરમાવી નાંખે છે, છતાં પણ જે માંગે છે તે મળતું નથી ને જે શોધે છે તે જડતું નથી. તેનું કારણ અજ્ઞાનતા છે, મિથ્યાત્વ છે, ઉંધી માન્યતા છે, વિભાવદશા છે.

આત્મા શુદ્ધ બુદ્ધ છે, કેવળ પોતાના સ્વરૂપ વિષે જ છે, જ્ઞાનમય છે, અવિરોધી છે, સિદ્ધસમાન સિદ્ધવંત છે, અલક્ષ છે, આદિ રહિત છે, અંત રહિત છે અને અતુલ છે, તે મારૂં અવિચળ સ્વરૂપ છે. જ્યાં જ્ઞાનવિલાસનો એવો પ્રકાશ છે, એ વિકલ્પ રહિત છે અને સમાધિસુખનું સ્થાનક છે; ત્યાં કોઈ વિજાતીય દ્રવ્યનો પ્રવેશ નથી તો એના પર ભય કેમ હોઈ શકે ? જ્યારે આવો વિવેક-વિચાર અંતરમાં આવિષ્કાર પામે ત્યારે અકસ્માતનો ભય રહેતો નથી. તેથી જ્ઞાની પુરુષ નિઃશંક બનીને સદા પોતાના જ્ઞાન સ્વરૂપમાં રહે છે.

તદ્દન શુદ્ધ સ્વ-આત્માનો અનુભવ તે સ્વ-સમયનો, સ્વ-સ્વરૂપનો વિલાસ વિસ્તાર છે અને બીજાની (પોતાના શુદ્ધ આત્મા સિવાયની) કોઈ પણ પદાર્થની કે પોતાના વિભાવીક સ્વભાવની પણ આત્મા પર જે કોઈ સ્હેજ પણ પડછાયો, પ્રતિછાયા, પડિછાયા, પ્રતિબિંબ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસર પડે તે સર્વે પર-સમય, પર-સ્વરૂપનું નિવાસસ્થાન જાણવું.

માટે સ્વ-સમયને પિછાનીને અધ્યાત્મ માર્ગે આગળ વધવા માટેનો પુરુષાર્થ ફેરવવો આવશ્યક છે. શ્રીમદ્દે કહ્યું છે કે 'સર્વ આત્મ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.' પ્રત્યેક આત્માઓ શક્તિપણે સંપૂર્ણ સિદ્ધ ભગવાન જેવા છે. પણ જે પોતાની ત્રિકાલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સ્વભાવ શક્તિને, સમ્યક્ પ્રકારે સમજે-તેની પ્રતિત કરે અને તેમાં સ્થિરતા કરે તે પરમાત્મદશાનું પ્રગટીકરણ કરી શકે છે. સાંપ્રત સમયમાં જે ધર્મિ અંતરાત્મા છે તેઓને પણ અતીત કાળમાં અજ્ઞાન દશામાં બહિરાત્માપણું હતું, પણ હવે અલ્પ કાળમાં પરમાત્માપણાનો આવિષ્કાર કરશે.

પરમાત્મ પદને પ્રાપ્ત થયેલા શ્રી અરિહંત અને શ્રી સિદ્ધ ભગવાનને પણ પૂર્વે બહિરાત્મ-દશા હતી તેઓએ પોતાની સ્વાભાવિક શક્તિની પ્રતીત કરીને, જે સમયે સ્વ-સ્વરૂપ સન્મુખ થયા તે સમયે તેમનું બહિરાત્મપણું લુપ્ત થઈ ગયું અને અંતરાત્મદશા પ્રગટ થઈ, ત્યાર બાદ ઉગ્ર પુરુષાર્થ આચરીને, સ્વ-સ્વરૂપમાં લીન થઈ પરમાત્મા થયા.

卐

# શ્રી વિજયાનંદસૂરિશ્વરજી મહારાજનું આદર્શ દર્શન

શ્રી આત્મારામજી મહારાજ સમર્થ વિદ્વાન્ અને ખંડ શાસ્ત્રઅભ્યાસી હોવા છતાં તેઓશ્રીના અંતઃકરણમાં અભિમાનની રેખા સરખીયે નહોતી. જ્યારે જ્યારે તેઓશ્રીને સત્ય વસ્તુ જણાતી ત્યારે ત્યારે નિઃસંકોચપણે ઘણા જ આદરથી-ઉલ્લાસથી-પ્રેમથી તેને તેઓશ્રી સ્વીકારી લેતા. મહારાજશ્રીમાં નિરભિમાનતા અહીં સુધી હતી કે જ્યારે તેઓશ્રી સ્થાનકવાસી પંથમાં હતા ત્યારે તેઓશ્રીને એટલું માન-આદર-સત્કાર મળતો હતો કે જેની સીમા જ નહોતી. આટલો માન-મરતબો મળવા છતાં જ્યારે તેમને સત્ય સમજાયું ત્યારે વિના સંકોચે તત્કાલ એ માનનો ત્યાગ કરી, એ આદર-સત્કારને ઠોકરે મારી, પંજાબમાં શ્રી મહાવીરનો વિજયધ્વજ રોપી, સત્તર સાધુઓને સાથે લઈ, ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરમાં આવી, પ્રથમની બાવીશ વર્ષની દીક્ષાપર્યાયનો આગ્રહ ન રાખતા, ચતુર્વિધ સંઘની સમક્ષ નવેસરથી પૂજ્યપાદ મુનિરાજ શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજને ગુરુ ધારણ કરી, શ્રી મહાવીરપ્રભુની શુદ્ધ સનાતન પ્રવ્રજ્યા અંગીકાર કરી લીધી. શ્રી આત્મારામજી મહારાજ સમર્થ વિદ્વાન્ હોવા છતાં, સ્થાનકવાસી પંથમાં શ્રી ગૌતમસ્વામીના અવતારરૂપે પૂજાતાં છતાં શાસ્ત્રાજ્ઞાને-ભગવંત શ્રી મહાવીરની શુદ્ધ આજ્ઞાને માન આપી પોતે નિરાભિમાની બન્યા હતા. તેઓશ્રીને માન પ્રિય નહોતું પરંતુ શાસ્ત્રાજ્ઞા પ્રિય હતી; તેથી જ તેઓશ્રી અભિમાનને તિલાંજલિ આપી નિરાભિમાની બન્યા હતા.

ધર્મવીર શ્રી આત્મારામજી મહારાજના સંપૂર્ણ જીવનમાં પ્રમાદ નજરે આવતો નહોતો. જ્યારે જ્યારે પણ તેઓશ્રીને નીહાળવામાં આવતા ત્યારે તેઓશ્રી કોઈ ને કોઈ લેખનકાર્યમાં તલ્લીન જ જોવામાં આવતા હતા. નવીન નવીન સાહિત્યનું સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરી પોતે

( અનુસંધાન પેજ ૧૩૮ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વામિભાઇનું એક અનોખુ ચિત્ર

( લેખક : શ્રી જગજીવનદાસ કપાસી–ચુડા )

મારા ગામથી થોડાં અંતરે આવેલાં એક શહેરમાં એક વર્તમાન પત્રની ઓફીસમાં તંત્રી વિભાગમાં હું કામ કરતો હતો. મને સારો એવો પગાર મળતો હતો અને તે પગારમાં હું, મારી પત્ની અને મારી નાની બેન–એમ ત્રણ માણસનું કુટુંબ સુખપૂર્વક રહેતું હતું. મારે રોજ સવારમાં વ્હેલા સ્ટેશનની બસ પકડવી પડતી હતી અને સ્ટેશનથી ગાડી પકડીને શહેરમાં જવાનું હતું. વળતાં સાંજે એજ રીતે પાછો આવી જતો હતો.

આજે મારે થોડું મોડું ઉઠાયું હતું તેમજ શ્રીમતીએ પણ રોજની જેમ વ્હેલો જગાડ્યો નહિ જેથી હું શ્રીમતી ઉપર થોડો ગુસ્સે થઈ ગયો હતો; અને કાંઈ પણ નાસ્તો કર્યા વિના થોડું દુધ પીને બસ અને ટ્રેન પકડવા ઉતાવળથી ચાલતો થયો. સારા નસીબે બસ ઉભી તો હતી પણ ડ્રાઇવરે હોર્ન માર્યું તે સાંભળીને હું દોડીને માંડ પહોંચી ગયો અને બસમાં ચડ્યો કે તુરત જ બસે દોડવા માંડ્યું. બસ ભરાઇ ગઈ હતી એટલે સ્ટેશન પહોંચતા સુધી મારે ઉભા રહેવું પડયું.

સ્ટેશને ઉતરીને જોયું તો ગાડી એકાદ કલાક મોડી હતી ટીકીટ લેવાની જરૂર નહોતી; કારણકે રેલ્વેનો પાસ હતો. પ્લેટફોર્મ ઉપર જઇ એક દૂરના બાંકડા ઉપર બેઠો અને નાની એવી સુટકેસમાંથી "જાણ્યું અને જોયું" એ નામનું પુસ્તક બહાર કાઢીને વાંચવાની શરૂઆત કરૂં છું ત્યાંજ એક પછી બીજો એમ બે છોકરાઓ "જય સીતારામ" એમ બોલીને હાથ લંબાવીને ઉભા રહ્યા. તેમને પાંચ–દશ પૈસા આપીને પુસ્તક ઉઘાડું છું ત્યાં વળી એક જરા મોટો છોકરો આવી પહોંચ્યો. તેણે નમ્રતાથી કહ્યું. "સાહેબ! આપના બુટ ઉપર ધૂળ બહુ ચડી ગઇ છે; લાવો સાફ કરી આપું."

આજે સવારથી જ હું સાધારણ ગુસ્સામાં હતો, તેમાં આવી લપ વળગવાથી ક્રોધે ભરાઇને તેના સામે પુસ્તક ઉગામ્યું. તે છોકરો જરા પાછો હઠી ગયો પણ તેની મોટી આંખોમાંથી ડળક ડળક આંસુ ખરી પડ્યાં. તેની વિશાળ આંખોમાં આંસુ જોઇને મારો ક્રોધ એકદમ ઉતરી ગયો. તેના કપડાં જુનાં અને થોડા મેલા હતાં પણ તેના શરીરનો રંગ, તેનું ગરવુ મોઢું અને તેની મોટી મોટી આંખો જોઇને મને સ્વાભાવિક રીતે જ જણાયું કે આ કોઈ ભિક્ષા માગનાર છોકરો નથી. મેં તેને મારી નજીક બોલાવ્યો તો તેની બન્ને આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વરસી રહ્યો. મેં સ્નેહ ભર્યા સ્વરથી કહ્યું, "અરે! તું રડે છે કેમ? મેં તને કયાંઇક જોયો હોય એવું લાગે છે."

તેણે હાથવતી આંખો લુછતાં ગળગળા સ્વરથી કહ્યું : "સાહેબ, તમે મને કદાચ ભૂલી ગયા હશો, પણ હું તમને ઓળખું છું. તમે આપણા ગામની હાઈસ્કૂલમાં શિક્ષક હતા ત્યારે હું તમારા કલાસમાં ભણતો હતો. પછી તમે શહેરમાં જવા લાગ્યા અને મારે પણ અભ્યાસ મૂકી દેવો પડ્યો. એટલે તમે મને કદાચ ઓળખ્યો નહિ હોય" મેં તુરત જ કહ્યું : "હા, હવે તને ઓળખ્યો. તારૂં નામ કાંતિને? પણ તેં અભ્યાસ કેમ છોડી દીધો? તું તો ભણવામાં હોંશિયાર હતો."

હવે કાંતિ સ્વસ્થ થઇ ગયો હતો. તેણે કહ્યું, "તમે શહેરમાં જવા માંડ્યું તે પછી મારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિતા જે કારખાનામાં કામ કરતા હતા, તેમને ટી.બી. થયાનું ડૉકટરે કહ્યું એટલે મારે અભ્યાસ છોડી દેવો પડ્યો. અમારા ઘરમાં હું, મારી બા અને મારા પિતા–ત્રણનું ગુજરાન કેવી રીતે ચલાવવું એ સવાલ ઉભો થયો; કારણ મારા પિતા પથારીવશ થઈ ગયા છે. એકાદ બે સગા–વ્હાલા તથા ઓળખીતા–પાળખીતા અને ગામના સુખી ગૃહસ્થોને અમારી ગરીબી અને સ્થિતિની વાત કરી પણ કોઇએ ખાસ લક્ષ આપ્યું નહિ. અત્યારે મારી બા કોઈનાં ઘરનું કામકાજ કરીને અમારૂં ગુજરાન માંડ માંડ ચલાવે છે અને હું સ્ટેશન ઉપર ઉતારૂઓનો સર–સામાન ચડાવવા–ઉતારવાની મજુરી કરીને મારા પિતા માટે દવા–દૂધ વગેરેની સગવડ કરૂં છું." એમ કહેતાં જ તે ફરીથી રોઈ પડ્યો.

કાંતિની નિખાલસ વાત સાંભળીને હું પારાવાર દુઃખી થઇ ગયો. એક ઉગતા છોકરાની આવી દુઃખી હાલત જાણીને મારૂં અંતર વલોવાઈ ગયું. મેં તેના ખભા ઉપર પ્રેમથી હાથ મૂકી કહ્યું, "કાંતિ! હવે તો ગાડી આવવાનો સમય થઇ ગયો છે, જેથી હું શહેરમાં જઇશ અને સાંજે પાછો આવીશ. કાલે મારે શહેરમાં જવાનું નથી તો તું કાલે સવારે આઠેક વાગે મારાં ઘેર આવજે. જરૂર."

એજ વખતે ગાડી આવી જતાં હું ગાડીમાં જઇ બેઠો અને ગાડી ઉપડતાં પહેલાં કાંતિને કાલે મારા ઘેર આવવાની ફરીને સૂચના કરી. ગાડી ઉપડી. કાંતિ મને બે હાથ જોડીને ઉભો હતો.

ગાડીમાં મારી વિચારમાળા ચાલુ થઇ. અહો! આવી ગરીબી! આવી કંગાળહાલત! આવાં કેટલાય કુટુંબો આવી પરિસ્થિતિ ભોગવતા હશે! સમાજમાં ગણ્યા–ગાંઠ્યા ધનવાનો સિવાય મોટા ભાગના મધ્યમ અને ગરીબ કુટુંબોની આવી જ સ્થિતિ હોય છે! સમાજના સંત મહાત્માઓ સાધર્મિક ભક્તિના ગુણગાન ગાયા કરે છે, મોટા મોટાં મહોત્સવો કરાવે છે અને તેમના ભક્તો લક્ષ્મીનંદનો તેમના વચન ઉપર અઢળક નાણું ખર્ચે છે; પણ સમાજનાં મધ્યમ અને ગરીબ કુટુંબોની તથા પૈસાના અભાવે માંદગી ભોગવતા સાધર્મિકોની તેમજ અભ્યાસ છોડી દઈ રખડતા બેકાર જુવાનોની સંભાળ લેવાનું કેમ કોઇને સુજતું નથી? ખરેખર સમાજની આવી કરૂણતાનો વિચાર કરતાં હૃદય ભગ્ન બની ગયું, ગાડી શહેરનાં સ્ટેશને ઊભી રહી. હું ઉતરીને શહેરની ઓફીસે ગયો; પણ આજે કામ કરવામાં મારૂં મન એકાગ્ર થતું નહોતું. સાંજે વખત થતાં મારા ગામે આવવા વળતી ગાડીએ મારા ગામના સ્ટેશને આવી પહોંચ્યો. ગાડીમાંથી ઉતરીને જોતાં જ સામે કાંતિ ઉભો હતો. મારા હાથમાં એક કરંડીયો હતો. તે તેણે લઈ લીધો અને ગામની બસ પાસે આવ્યા. કાંતિએ કહ્યું. "જગદીશભાઈ સાહેબ! આપ બસમાં બેસી જાઓ. પછી આ કરંડીયો લઇ લેજો."

મેં કહ્યું: "કાંતિ! મારૂં નામ પણ તું જાણતો લાગે છે ને શું." એમ કહીને મેં ઉમેર્યું: "તું પણ બસમાં બેસી જા. તારી ટીકીટ હું કઢાવી લઉં છું." તેને સંકોચ પામતો જોઇને મેં ફરીને કહ્યું: "અરે! બસ ઉપડવાની તૈયારી છે. બેસી જા" કાંતિ મારા આગ્રહથી બસમાં સંકોચાઇને એક તરફ બેસી ગયો.

બસ ગામના દરવાજે આવતાં અમે ઉતરી પડ્યા. કાંતિ કરંડીયો લઈને સાથે થયો મેં તેને તુરત જ કહ્યું, "આ કરંડીયામાં ફ્રૂટ છે, તે તારા પિતા માટે હું લાવ્યો છું. અત્યારે કરંડીયો લઇને તારા ઘેર જા. કાલ સવારે મારે ઘેર જરૂર આવજે." તે ઘડીભર ઉભો રહ્યો. પછી હું જ્યારે ચાલવા લાગ્યો ત્યારે ધીમા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગલે તે પોતાના ઘર તરફ કરંડીયો લઇને ચાલતો થયો. આ વખતે પણ તેની બન્ને વિશાળ આંખો ભીની થઇ ગઇ હતી તે હું જોઈ શકયો.

વળતી સાંજની ગાડી પણ થોડી મોડી હતી. હું મારાં ઘેર પહોંચ્યો ત્યારે મને થોડું મોડું થયેલું હોઇને શ્રીમતી તથા મારી નાની બહેન બન્ને મારી રાહ જોઇને બારણામાં ઉભાં હતાં.

મેં જરા હસીને પૂછયું : "કોની રાહ જોઇને ઉભા છો ?"

મારી બહેને કહ્યું : "મોટા ભાઈ! આજ તમને આવતાં મોડું થયું છે, એટલે અમે બંને તમારી રાહ જોતાં કયારના ઉભા છીએ."

"ઠીક, હવે અંદર ચાલો" એમ શ્રીમતીએ સ્મિતભર્યા મુખેથી કહ્યું એટલે અમે સૌ ઘરમાં ગયાં. હું ઓસરીમાં સોફા ઉપર બેઠો. મારી નાની બહેને પાણીનો લોટો-પ્યાલો લાવીને મારી સામે મૂકયો. આ વખતે શ્રીમતી નાના એવા મંદિર જેવાં કબાટ પાસે દીવો અને એક ધૂપ કરતાં હતાં. તેમણે તુરત જ કહ્યું : "પાણી પછી પીજો. પહેલાં દેવતાને પગે લાગી લો." સાંભળીને "જેવી આજ્ઞા" એમ કહીને કબાટ પાસે જઇને પગે લાગી આવ્યો. પછી શ્રીમતી સામે જોઇને કહ્યું. "દેવતા સાથે સોદો કે કરાર કર્યો લાગે છે ?" શ્રીમતીએ હવે હસીને તેમના સ્વાભાવિક મધુર સ્વરથી કહ્યું. "દેવતા સાથે કરાર થાય જ નહિ. દેવતા દીવા કે નિવેદના ભુખ્યા નથી. આતો અમારી નૈતિક કિંમત ટકાવી રાખવાનો ભક્તિ-ભાવનો ઉપાય છે. તમો લેખકોને અને પત્રકારોને સીધી વાતમાં પણ વાંકુ જ દેખાતું હોય છે." વાતાવરણ હળવું મીઠાશ ભર્યું થઈ ગયું. જમતી વખતે મારી ભાવતી વાનીઓ જોઈને શ્રીમતી સામે પ્રસન્નતાથી જોઈ રહ્યો.

જમી રહ્યા પછી કાંતિની બધી વાત કહી બતાવી. કહેવાની જરૂર નથી કે બીજે દિવસે હું સવારમાં ચા પીતો હતો ત્યારે કાંતિ આવી પહોંચ્યો. મેં તેને મારી સામે બેસારીને ચા પીવરાવી અને પછી તેને મારા બે ત્રણ સુખી મિત્રો પાસે લઇ ગયો અને તેના પિતા માટે દવાની તથા તેના અભ્યાસ માટેની બધી સગવડ કરાવી આપી. કાંતિની ખુશીનો કોઈ પાર રહ્યો નહિ. તેની વિશાળ આંખો હર્ષનાં આંસુથી ઉભરાઇ ગઇ. સમાજમાં મોટા ઉત્સવો, જમણવારો અને ખર્ચાળ સત્કાર સમારંભો ભલે થતા રહે; પણ સાથો સાથ મધ્યમ અને ગરીબીથી ઘસાઇ ગયેલાં અનેક કુટુંબોને ઉભા રાખવાની ખાસ જરૂર છે, આ સાચી સાધર્મિક ભક્તિ છે એ વાત સદા સ્મરણમાં રાખવા જેવી છે.

---

સુખ અને દુઃખ બંને ઈશ્વરની બક્ષિસ છે, એમ સમજી બંને સ્થિતિમાં એ મંગલમૂર્તિ પ્રભુનું સ્મરણ કાયમ રાખવું. "સુખની સ્થિતિ જ ઇષ્ટ અને દુઃખની નહીં" એવું શા માટે? સુખ મારફતે માણસ બહુ ઓછો કેળવાય છે, જ્યારે દુઃખ મારફતે એ ધારે તો રગેરગ કેળવણી મેળવી શકે છે.

—કાકા સાહેબ

× × ×

પ્રભુથી ડરી ડરીને ચાલજો, બની શકે તેટલી તેની ઉપાસના કરજો. સંસારે આજ સુધીમાં અસંખ્ય મનુષ્યોને છેતર્યા છે. તમે ન છેતરાઓ તેનું લક્ષ રાખજો.

—અહમદ રબ્બ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "વીર્યપતનથી સર્જાતો નાશ"

લે. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ)

શરીરને બિલ્ડીંગની ઉપમા આપવામાં આવી છે કેમકે પાયો, થાંભલા–પાટડા, ભીંત, બારી, બારણાથી બિલ્ડીંગ જેમ સુરક્ષિત રહે છે, તેવી રીતે ગોરી કે કાળી ચામડીનું શરીર પણ હાડકા, લોહી, માંસ, ચરબી, મજ્જા અને છેવટે શુક્ર (વીર્ય) ઉપર જ સુરક્ષિત રહેવા પામે છે. તે સૌમાં શુક્રની પ્રધાનતા જ વૈજ્ઞાનિકોને, ડોકટરો, હકીમોને તથા ઋષિઓને માન્ય છે અથવા આત્મા અને શુક્ર અભિન્ન હોવાના કારણે જ્યારે જ્યારે વીર્યનું પતન થાય છે ત્યારે ત્યારે તેની અસર આખા શરીરતંત્ર ઉપર પડે છે માટે જ "पतनान्ते शोचयतीति शुक्रम्" કહેવાયું છે.

પાણીથી ભીંજાયેલી આંગળી પરથી જે પાણી ટપકે છે તે બુંદ કહેવાય છે તેવા ૪૦ બુંદ લોહીમાંથી વીર્યનું ઉત્પાદન એક બુંદ જેટલું જ હોય છે. સારાંશ કે ૪૦ દિવસ સુધીમાં જેટલો ખોરાક ખવાય છે અને તેમાંથી જેટલું વીર્ય બને છે તે એક જ વારના સ્ત્રી-સમાગમમાં નાશ પામે છે. આનાથી આપણે જાણી શકીએ છીએ કે પુરૂષના શરીરમાં રહેલું વીર્ય અને સ્ત્રીના શરીરમાં રહેલું રજ (આર્તવ) અજબ ગજબની શક્તિ ધરાવનારૂં તત્ત્વ છે. જેનાં સંરક્ષણમાં માનવના શરીર–ઇન્દ્રિયો–મન અને બુદ્ધિમાં અનહદ સાત્ત્વિક સર્જનનો વાસ છે, જ્યારે પતનમાં શરીર–ઇન્દ્રિયો–મન અને બુદ્ધિનું પણ નાશક બને છે.

ભારત દેશના એકે એક ઋષિ–મહર્ષિ–પંડિત–મહાપંડિત ઉપરાંત કોકશાસ્ત્રના રચયિતાના પણ અભિપ્રાયોથી જાણી શકીએ છીએ કે, 'વીર્યનું સંરક્ષણ જીવન છે અને પતન મૃત્યુ છે. 'जीवनं बिन्दुधारणं पतनं मृत्युकारकम्' એટલે કે વીર્યના બિંદુને સુરક્ષિત રાખવું તે જીવન છે અને તેના પતન માટે પ્રયત્ન કરવો તે મૃત્યુ છે.

હવે આપણે અંગ્રેજ વિદ્વાન્, ડોકટર 'મેલવીલ કીથ, (એમ. ડી. એ.)નો અભિપ્રાય તપાસી લઇએ :—

This Seed Is Marrow To Your Bones

વીર્ય, શરીરમાં રહેલા હાડકાઓને મજ્જા જેવું છે, આપણાં શરીરમાં હાડકા છે, તેના સાંધા છે. મશીનોમાં જેમ ડીઝલની આવશ્યકતા અનિવાર્ય છે તેમ હાડકાઓને નરમ રાખવા માટે વીર્ય સિવાય બીજુ એકેય સાધન નથી, મશીનમાં ડીઝલ ન પડે તો પોલાદ પણ ઘસાઇ જાય છે તેમ કામાતિરેકમાં જેમ જેમ વીર્યનું પતન થાય છે તેમ તેમ હાડકા પણ ઘસાતા જાય છે જે વૃદ્ધાવસ્થાને અત્યન્ત દુઃખદાયી બનાવે છે.

Food For Your Brain

તમારી મસ્તિષ્ક શક્તિને માટે વીર્યથી બીજુ એકેય ખોરાક નથી. પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે જેમ જેમ આ શક્તિમાં ઉણપ આવે છે ત્યારે દેશના કેટલાય જુવાનોમાં, કુંવારાઓમાં ગાંડપણ, ફીટ, હીસ્ટોરીયા, ચક્કર આદિના રોગો લાગુ પડે છે. જીવતા છે છતાએ પત્થરના થાંભલાની જેમ સર્વથા નિષ્ક્રિય બનીને વિના મોતે મરવા જેવું જીવન જીવી રહ્યાં હોય છે.

Oil Of Joints

હાડકાના સાંધાઓ માટે વીર્યનું રક્ષણ તેલની ગરજ સારે છે, કેટલાય ૮૦–૯૦ વર્ષના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધોને સશક્ત, અને ૩૦ વર્ષના જુવાનને મડદાલ-માયકાંગલો તેમજ ઊઠવા બેસવાની પણ શક્તિથી ગયો, વીતેલો જોઈએ છીએ ત્યારે વીર્યમાં રહેલી અદ્‌ભુત શક્તિનો ખ્યાલ આપણને આવે છે. માટે કહેવાયું છે કે હાડકા આદિને સશક્ત રાખવા માટે વીર્ય શક્તિનું સંરક્ષણ શ્રેષ્ઠ ઉપાય છે.

**And Sweetness to Your Brarh**

તમારા અવાજમાં મિઠાશ અને દિવ્યશક્તિનો સંચાર કરાવનાર વીર્ય જ છે.

છેવટે અંગ્રેજ ડોકટર કહે છે કે "જો તમે સમજદાર હો, ખાનદાન હો, ભણેલા ઉપરાંત ગણેલા હો તો ૩૦ વર્ષની ઉંમર પહેલા કે પરણ્યા પહેલા વીર્યના એક બુંદને પણ કયાંય પડવા દેશો નહીં."

ભાંગ, ગાંજો, શરાબ કે અફીણ આદિ માદક પદાર્થો સંયમના હાડવૈરી બનીને તમને દુરાચાર-વ્યભિચાર કે કામાતિરેકના માર્ગે લઈ જવા ન પામે તે ખાસ ખ્યાલમાં રાખશો.

ક્ષણિક આનંદથી જીવનધન જો સર્વથા નાશ પામતું હોય તો તે આનંદને આનંદ કહેવું એનુ નામ જ અજ્ઞાનતા અને મોહાંધતા છે.

ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે "જેમ સાધુ સાધ્વીને બ્રહ્મચર્યની અનિવાર્યતા છે જ્યારે ગૃહસ્થને પણ સંયમમાં રહેવાની ખાસ આવશ્યકતા એટલા માટે છે કે શેષ ત્રણે આશ્રમોની શુદ્ધતા, પવિત્રતા અને સાત્વિકતાનો આધાર ગૃહસ્થાશ્રમ છે તો યદિ તે ગૃહસ્થ પાસે વિવેક દષ્ટિપૂર્વક સંયમ તરફ દૃષ્ટિ ન રહે તો વ્યભિચાર, દુરાચાર કે કામાતિરેકના પંથે ચડીને તે ગૃહસ્થ પરિગ્રહ નામના રાક્ષસના પંજામાં ફસાયા વિના રહેવાનો નથી અને બંને પાપોની અતિરેકતામાં ગૃહસ્થની ગૃહસ્થાશ્રમી-માનવતા, સહૃદયતા, સજ્જનતા, પ્રામાણિકતા અને દયાળુતા આદિને દેશવટો અપાવનારી બનશે. માટે ચાર દિવસના ચાંદના જેવા માનવ અવતારને દિવ્ય ગુણી બનાવવા માટે મર્યાદિત અને સંયમિત જીવન જ કલ્યાણકારી માર્ગ છે.

卐

( પેજ ૧૩૩ થી ચાલુ )

નુતન સાહિત્ય રચવામાં વ્યગ્ર રહેતા હતા. શ્રી આત્મારામજી મહારાજના અંતરંગમાં એક જ ભાવના તીવ્રવેગે પૂર્ણ ઉલ્લાસથી ચાલતી હતી કે જૈન શાસનમાં પૂર્વાચાર્યોએ અનેક ગ્રંથો પ્રાકૃત, માગધી, સંસ્કૃત, અપભ્રંશ આદિ ભાષામાં રચ્યા છે. દરેક આત્મા તેનો લાભ ઉઠાવી શકતો નથી તેથી તે બહુમૂલ્ય અને તત્ત્વપૂર્ણ ગ્રંથોથી સામાન્ય જન વંચિત રહે છે. પ્રાકૃત-સંસ્કૃતાદિના અભ્યાસ વિના તે શાસ્ત્રોનું જ્ઞાન-બોધ થઈ શકતો નથી અને જ્યાંસુધી એ ભાષાઓને જાણે નહી ત્યાં સુધી વાસ્તવિક મર્મ ધ્યાનમાં આવતો નથી; તેથી વર્ત્તમાન કાલને-સમયને વિચારી સામાન્ય ભદ્રિક આત્માઓને પ્રભુ શ્રી મહાવીરના સાચા માર્ગથી વાકેફ કરવા, જૈન તત્ત્વોના જાણકાર બનાવવા અને સરલતયા તત્ત્વગવેષક બનાવવા માટે પોતે સમર્થ વિદ્વાન હોવા છતાં, ધારત તો સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચત પરંતુ એ ન કરતાં ભાવીના લાભનો વિચાર કરી તેઓશ્રીએ હિન્દી ભાષામાં અનેક કીમતી ગ્રંથો રચ્યા. વૈદિક સાહિત્યનો અભ્યાસ કરી, પુરાણ અને ઇતિહાસનું પઠન કરી, ઉપનિષદ્ અને શ્રુતિઓનું અવલોકન કરી, અનેક દર્શનોનું મનન કરી શ્રી આત્મારામજી મહારાજે પોતાનાં રચેલા

( અનુસંધાન પેજ ૧૪૩ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગણિકાના આવાસમાં મહાત્માનો નિવાસ

**કોશા અને સ્થૂલિભદ્રનો સંવાદ** — લેખક : અધ્યાયી

(સ્થળ–કોશાની ચિત્રશાળા)

સ્થૂલભદ્ર :—કોશા! આજના પ્રભાતથી તમારા અંગનું પ્રકંપ મને શંકાશીલ અવસ્થાવાળું જણાય છે. તમારૂં મુખ ફીકું, ચિંતાગ્રસ્ત અને સવિકાર ભાસે છે. મને આહાર આપતી વખતે પણ તમારા શરીરનો યોગ પરવશ અને મનોબળ વહી ગયેલું જણાતું હતું. તમારા પગનો અંગુઠો ચંચલ હતો, ચક્ષુ ઢળેલા અને પુનઃ પુનઃ મારા ભણી ગુપ્ત દૃષ્ટિ ફેંકતા હતા. યોગબળની ક્ષતિ થવાથી એક પણ ક્રિયા આજે તમારાથી ઉપયોગપૂર્વક થતી નથી. કોશા! આજે તમારો યોગ પ્રકૃતિના કયા પ્રદેશમાં લુપ્ત બન્યો છે. કઇ કર્મપ્રકૃતિના ઉદયપ્રવાહમાં આજે આમ નિશ્ચિતપણે વહો છો?

કોશા—ગત અનંતકાલના સંસ્કારબળથી આજે મારો યોગ, પ્રભો! અત્યંત અવનત પરિણામને આધિન છે. આજે હું અનેક કર્મપ્રકૃતિના સંયુક્ત પરાક્રમથી પરાજીત બની વિકાર–ઉદયના પ્રચંડ–અવિરત પૂરમાં તણાઉં છું. બહુ બહુ પ્રયત્ન કરવા છતાં પણ ઉદયના પ્રવાહ સામે તરવાને આવશ્યક શક્તિ આવિર્ભૂત થઇ શકતી નથી. ઘણા કાળથી પરાભવ અવસ્થાને ભોગવતી કર્મપ્રકૃતિઓ જાણે વૈર લેવાના હેતુથી એકત્ર બનીને આવી હોય તેમ મને નાના પ્રકારે કષ્ટ આપી પોતાનો વિજય મારે મોઢે કબુલ કરાવતી હોય તેમ જણાય છે. મારા પરિણામ આજે અત્યંત અસ્તવ્યસ્ત દશામાં છે. આપનો ઉપદેશ પ્રભાવ મારા મન ઉપરથી ઉઠી ગયો હોય તેમ લાગે છે અને પૂર્વના સંસ્કારો તે કાળના રમણવિલાસમાં મને સુખનું ભાન કરાવી આ કાળે પણ તેવા પ્રકારનું સુખ ઉપજાવી કાઢવાની ઈચ્છાને પ્રજ્વલિત કરે છે. નિમિત્તબળના પ્રભાવે ઉપાદાન વસ્તુના બળ ઉપર વિજય મેળવ્યો છે.

સ્થુલભદ્રઃ–આત્મવિકાસના ક્રમમાં જે અનેક કસોટીઓમાં થઇ પસાર થવાનું છે તે કસોટીઓમાંની, કોશા! તમારી સાંપ્રત સ્થિતિ એ પણ એક વિષમ અને અત્યંત શૂરવીર આત્માથી નિર્ગમી શકાય તેવી દુર્ઘટ કસોટી છે. અનેક નિર્બળ આત્માઓ આ પહેલા ધોરણની પરીક્ષામાંથી જ તેનું વિકટપણું જોઇ હારી ગયા છે અને આપ્તપ્રકાશિત માર્ગને દુર્ઘટ માની તે ક્રમને નિસર્ગના નિયમથી વિરૂદ્ધ કિંવા અસ્વભાવિક ગણે છે. અધોપ્રકૃતિ અને ઉચ્ચ પ્રકૃતિના યુદ્ધકાલનો આ તમારો સમય તમારે અત્યંત સાવધાનીથી પસાર કરવાનો છે; કારણ કે અનેક વીર પુરૂષોની ઉચ્ચ પ્રકૃતિ પણ સત્ સમાગમનો યોગ હોવા છતાંયે આ યુદ્ધમાં અસાવધાની અને અનુપયોગથી પરાજયને પામી છે. કોશા! ભ્રાન્તિનો ઉપશમ થયા પછી કાંઈક કાળે જે તેનો પ્રથમોદય થાય છે, તે અત્યન્ત બલવાન્ હોય છે. તેની નિવૃત્તિ કરવા જો આત્મા અસમર્થ નીવડે તો પુનઃ તે પ્રકૃતિના ટલ્લે ચઢે છે, અને પુનઃ નિભ્રાંત સ્થિતિમાં આવતાં અનંત કાળ વીતી જાય છે. ઉદય સ્વરૂપને પામેલા પરિણામમાં રંજનપણું ન રાખતાં તેને ધૈર્યપૂર્વક વિતાવવા ભણી જ લક્ષ રાખશો તો અલ્પ કાળમાં તે ઉદય નિવૃત્ત થઇ જશે. ઉદયને પામેલા પરિણામને ભાવસ્વરૂપપણે ન પરિણમાવતાં ઉદયાવસ્થામાં જ સાક્ષીભાવે વેદી લેવા તે ઉદિત પ્રકૃતિપર વિજય મેળવવાનું ગુપ્ત રહસ્ય છે. ઉદયભાવને પામેલી પ્રકૃતિમાં રંજનભાવનું સેવન તે મૃત એવા વિકાર દેહમાં અમૃત સીંચી તેને સજીવન કરવા તુલ્ય છે. કોશા હું તમને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે વસ્તુરહસ્ય ઘણા કાલથી સમજાવવા પ્રયત્ન કરતો હતો, છતાં જે તમારી બુદ્ધિમાં પ્રવેશી શકતું નહોતું, તે રહસ્ય આ કાળે તમને, શાન્તિથી વિચારતાં મૂર્તિમાન થવા યોગ્ય છે. આ સ્થળ, આ કાળ, આ યોગ, અને આ સવિકાર સ્થિતિનો અનુભવ તમને એક અદ્ભુત મર્મજ્ઞાન આપવા માટે જ આવ્યો છે, એમ જાણી તે પ્રસંગમાંથી શ્રેયભૂત વસ્તુને ગ્રહી લેશો તો ઘણા કષ્ટવડે પ્રાપ્ત થવા યોગ્ય જ્ઞાન તમને અલ્પ કાળમાં અનાયાસે થશે. વિકારના પ્રબળ દળને કેમ હઠાવવું તેની યુક્તિનું શોધન વિકારના ઉદયકાળે જ થવા યોગ્ય છે.

કોશાઃ–પ્રભો! મને એમ ભાસે છે કે, જે પ્રકૃતિનો ઉદય થાય તેને અનુરૂપ વસ્તુનો ભોગ આપવાથી તે પ્રકૃતિ શાંત થવા યોગ્ય છે. પૂર્વે ઘણીવાર મેં અનુભવ્યું છે કે રસેન્દ્રિયને અનુકુળ ભોજનની ઈચ્છા પ્રગટ થયે તેને ઉપશમાવવાનો પ્રયત્ન કરતાં તે અધિકાધિક પ્રજ્વલિત થાય છે અને જ્યાં સુધી તે ઇન્દ્રિયને અનુરૂપ સામગ્રી પૂરી પાડવામાં ન આવે ત્યાં સુધી તેના ઉદયનો અગ્નિ ઓલવાતો નથી. અત્યારની મારી સવિકાર સ્થિતિ મારા મુખેથી આ શબ્દો બોલાવતી હોય અથવા વસ્તુત: તે ઉપાયે સત્ય હોય, તે તો આપ જાણો; પરંતુ મને તો આ યુક્તિ અધિક સરલ અને સ્પષ્ટ જણાય છે અને પૂર્વના સંસ્કારની નિવૃત્તિ મેં કહેલા ઉપાય સિવાય થવી મને તો અશક્ય લાગે છે. આપની સાથેના પૂર્વકાળના વિલાસ ચિત્રો આજે પુનઃ મારા સ્મૃતિપ્રદેશમાં મૂર્તિમંત થયા છે અને તેને અનુરૂપ સામગ્રી ઉપજાવી કાઢવાની ઇચ્છાએ જ આજે મારી આપે કહી તેવી સ્થિતિ કરી મૂકી છે. મારી દૃષ્ટિમાં આ કાળે પૂર્વની સ્થિતિ સૌભાગ્યચિન્હયુક્ત અને સાંપ્રત સ્થિતિ વૈધવ્ય સદૃશ જણાય છે. પ્રભો! મારી ઉદયમાન સ્થિતિને અનુરૂપ સામગ્રી ઉપજાવી આપવાની મારી યાચના આપ કબુલ નહિ રાખો?

સ્થુલભદ્ર :–મહાત્માઓની વિભૂતિ પરોપકાર અર્થે જ હોય છે. તમારી પ્રકૃતિનો ઉદય તમે જણાવ્યો તે ઉપાયવડે નિવૃત્ત થવા યોગ્ય હોત તો હું ગમે તે ભોગે પણ તેમાં પ્રેરાત; પરંતુ તે ઉપાય સત્ય હોવાની ભ્રાન્તિ, તમારી સવિકાર સ્થિતિવડે જ થયેલી હોવાથી અને અનુરૂપ સામગ્રીના યોગે ઉદયમાન પ્રકૃત્તિની નિવૃત્તિ શાસ્ત્ર પ્રમાણથી બાધિત તેમજ પ્રજ્ઞાચક્ષુએ વિચારતાં અસંભવિત હોવાથી, તમારી યાચના હું સ્વીકારી શકતો નથી. પ્રકૃતિના હૃદયરંગથી રંગાયેલ મનોયોગ કૃત્રિમ ઉપાયમાં પણ યથાર્થતાનું ભાન ઉત્પન્ન કરાવી પોતાને અનુકૂળ સામગ્રી ઉપજાવી કાઢવા માટે અનેક યુક્તિ–પ્રયુક્તિથી બુદ્ધિ પાસે પણ તેની વાસ્તવિકતા કબુલ કરાવે છે અને વિકારવડે પ્રમત્ત થયેલી બુદ્ધિ પણ તેવી દલીલથી એકતરફી વલણ પકડી ઘણીવાર ઉદયને અનુરૂપ યોજના, પ્રમાણાભાસ સહિત પ્રકટાવી આપે છે. બુદ્ધિ તરફથી પ્રમાણનો ટેકો મળતાં મન–વચન–કાયાનો યોગ સ્વચ્છંદપણે વહેવા લાગે છે. કોશા! આજે તમારી સ્થિતિ પણ કાંઇક આવા જ પ્રકારની છે. તમારી સવિકાર દશાએ તમારી ઉદયમાન પ્રકૃતિને અનુરૂપ સામગ્રી ઉપજાવી કાઢવા માટે, અને તેવી સામગ્રીના યોગથી તે પ્રકૃતિનું બળ નિવૃત્ત થવા યોગ્ય છે એવો આભાસ કરાવી તમને યોગભ્રષ્ટ સ્થિતિમાં મૂકેલ છે. કોશા! ધૈર્યપૂર્વક શાન્તિથી ઉદયને અરક્તપણે વેદી લઈ તેને નિવૃત્ત કરો અને તમારી અત્યારની બુદ્ધિ–વૃત્તિ સવિકારી ગણી તેના તરફથી પ્રેરાતા ઉપાયો પણ અયથાર્થ છે એમ શ્રદ્ધો.

કોશાઃ–આજે આપનો ઉપદેશ મારા અંતઃકરણથી છેટો છેટો રહે છે અને પૂર્વના ભોગવિલાસમાં જ સુખબુદ્ધિ ઉપજે છે. મારા ઉપરની આપની નિર્હેતુક કૃપાને બાદ કરૂં તો મને એમ જ જણાય છે કે મને આપ ભમાવો છો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સૃષ્ટિ ઉપરના સ્વાભાવિક સુખનો મને જાણી જોઈને વિયોગ કરાવો છો; તેમ છતાં પણ આપનો કથેલો ઉપાય સત્ય જ હોય અને સુખની ઈચ્છાને પરિતૃપ્ત કરવાનો મારી બુદ્ધિએ પ્રેરેલ ઉપાય અસત્ય હોય તો પણ આપણા પૂર્વ સંબંધને સ્મૃતિમાં લાવી મારી ઈચ્છાને એક વખત અમલમાં લાવો.

સ્થૂલભદ્રઃ—કોશા! એક વખત પોષાયેલી ઈચ્છા બીજી વખતે બમણા બળથી ઉદયમાં આવ્યા વિના રહેતી નથી. એક વખત અનુરૂપ સામગ્રીથી સિંચાયેલો સંસ્કાર પુનઃ પ્રબલપણે પ્રકટ થઈ વ્યાકુલતા ઉપજાવ્યા સિવાય રહેતો નથી. એ મારા કથનમાં પ્રતીતિ રાખી ઉદયના બળને શાન્તિથી વેદી લ્યો. જ્ઞાનનાં તારતમ્ય કરતાં ઉદયનું બળ અધિક પ્રમાણમાં થતાં જે વિકારો સ્વાભાવિક રીતે થવા જોઈએ તે અત્યારે તમારામાં ઉપસ્થિત છે. જગતના અનેક જીવો આ સ્થિતિના ઉદયને વેદી ન શકવાથી જ હેરાન થાય છે. એક વખત આ ઉપસ્થિત થયેલા વિકારને સાક્ષીભાવથી અરક્તપણે વેદી લેશો તો પુનઃ તેનું બળ ક્ષીણ થઈ જશે. આ પ્રસંગે સહેજ પણ શિથિલતા ભજવાથી વિવેકની પ્રાપ્તિ ઘણા કાળ સુધી અપ્રાપ્ય રહેશે. તમારા એકલાના જ જીવનમાં આવો પ્રસંગ આવ્યો છે, એમ માનશો નહિ. જે જે આત્માઓ સિદ્ધિને વરેલા છે, તે સર્વના સંસાર જીવનમાં પ્રાયઃ આવા પ્રસંગો આવ્યા હતા; અને તે તે સમયે તેમણે ઉદયના બળ કરતાં આત્મબળનું તારતમ્ય અધિક રાખવાથી જ વિજયને મેળવ્યો હતો. શિથિલતા અને અનુપયોગ થતાં કરેલી કમાણી ધુળમાં મળી જાય છે. આપ્ત કથનનો આ ભાવ, કોશા! કોઈ કાળે વિસ્મૃત કરવા યોગ્ય નથી.

કોશા—પ્રભો! આપ ભૂલો છો. ઉદયમાં આવી ફલાભિમુખ થયેલી પ્રકૃતિ કાંઈ પણ પરિણામને ઉપજાવ્યા વિના વિફલ થાય એ બને જ કેમ? ભોગનો ઉદય થતાં, ભોગ સંમુખ કર્યા સિવાય તે પ્રકૃતિ વિલય થાય તો તેના ઉદયનું સાફલ્ય શું?

સ્થૂલભદ્રઃ—તમારૂં કથન સત્ય છે, પરંતુ ઉદય આવેલ પ્રકૃતિને ભોગવવાના રસ્તા જ્ઞાની અને અજ્ઞાનીના જુદા જુદા હોય છે. અજ્ઞાની પુરૂષને ભોગનો ઉદય થતાં ભોગને અનુરૂપ સામગ્રીથી રંગાઈ ભોગના સંસ્કારને પોષણ આપે છે, અને તે સંસ્કારને પુનઃ ઉદયમાં આવવાનું આમંત્રણ આપે છે. જ્ઞાની તે પ્રકૃતિના ઉદયને પ્રકારફેરથી ભોગવે છે અને ઉદય સંમુખ થયેલી પ્રકૃતિને અનુરૂપ સામગ્રી ન આપતાં તેમાં અરક્ત રહી તેની શક્તિને આત્મબળના તારતમ્યથી ક્ષીણ કરી પુનઃ ઉદયમાં ન આવે તેવી કરી મૂકે છે. જ્ઞાની અને અજ્ઞાની ઉભયને તે તે કર્મપ્રકૃતિ એકસરખા બળથી ઉદયમાં આવે છે; પરંતુ અજ્ઞાની જન તેના ઉદય સમયે તેમાં રંગાઈ જઈ તે સંસ્કારને ભોગસામગ્રીથી પરિપોષે છે. જ્યારે જ્ઞાની જીવ તે ઉદયને સાક્ષીભાવે ક્ષણવારમાં વેદી લઈ તેને નિઃસત્ત્વ કરી નાખે છે. ઉભયના વેદનમાં માત્ર પ્રકારફેર છે. હું તમને ઉપદેશ આપું છું તેનો આશય પરિણામને આપ્યા પહેલાં ઉદયબળ વિલય થઈ જવા યોગ્ય છે તેવો નથી, કિન્તુ તે ઉદય આત્મબળથી જ અરક્તપણે વેદી લેવો એ છે. કોશા! તમને ઉદયભૂત થયેલી કર્મપ્રકૃતિ પણ જ્ઞાનીઓ જે પ્રકારે તે વેદે છે તે રસ્તે વેદવી એવો મારો ઉપદેશ છે.

કોશાઃ—પરંતુ ઉદયસંમુખ થયેલી પ્રકૃતિ પોતાનું ફળ આપ્યા વિના રહે જ કેમ, તે હજી મને બુદ્ધિમાં ઉતરતું નથી.

સ્થૂલભદ્રઃ-ઉદયસંમુખ થયેલ પ્રકૃતિનો અને આત્માનો સંબંધ તો નિમિત્ત-નૈમિત્તિક જ છે. ઉદયમાન કર્મ કાંઈ આપણને બળાત્કારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગ્ય વસ્તુમાં અથવા અન્ય વિકાર વિશેષરૂપ કાર્યમાં જોડતું નથી; તે તો માત્ર તે તે પ્રકારે વિકારભૂત થવામાં માત્ર નિમિત્તરૂપ જ છે. નિમિત્ત ફક્ત સરલતા કરી આપે છે, પણ જોડાવું અથવા ન જોડાવું તે તો આત્માની સ્વતંત્ર વાત છે જો તેટલી સ્વતંત્રતા ન હોય તો આત્માને મોક્ષમાં જવાનો અવકાશ સંભવતો જ નથી.

કોશાઃ—ચંદ્ર ઉદય થતાં જેમ સમુદ્રને ઉછળવું જ જોઇએ; તેમ કર્મપ્રકૃતિનો ઉદય થતાં આત્માને તે પ્રકૃતિને અનુરૂપ ભોગ્ય વસ્તુમાં જોડાવું જ જોઇએ એમ હું માનું છું.

સ્થૂલભદ્રઃ—તે ઉદાહરણથી પ્રસ્તુત વિષયને કશું સાદૃશ્ય નથી. જડ સૃષ્ટિના ઉદાહરણને ચૈતન્ય સૃષ્ટિના પ્રદેશમાં ઘટાવવું ઉપયુક્ત પણ નથી. ચક્રવાક અને ચક્રવાકીનો સંયોગ થવામાં જેમ સૂર્ય નિમિત્ત છે, પરંતુ સૂર્ય કાંઈ તેમને બળાત્કારે તેમાં જોડતો નથી, તેમ ઉદયમાન કર્મ પણ તેને અનુરૂપ ભોગ્ય વસ્તુમાં બળાત્કારે જોડતા નથી; પરંતુ તે તે વસ્તુમાં જોડાવા માટે સરળતા કરી આપે છે. જો તે બળાત્કારથી આત્માની અનિચ્છા છતાં તેને જોડવા શક્તિમાન હોય તો આ પહેલાં ક્યારનાયે તેમણે તમારી ઈચ્છાને અમલમાં મૂકી દીધી હોત; પરંતુ કર્મની શક્તિમાં બલાત્કારથી કોઇની સાથે જોડવાનું સામર્થ્ય નથી. નિર્બલ જીવો જ તે નિમિત્તમાં સામર્થ્યનો આરોપ કરી તેના ઉદયના પુરમાં તણાય છે. આત્માની અનંત શકિત ઉપર કોઈ વસ્તુનું આપણે ધારીએ છીએ તેવું સામાર્થ્ય છે જ નહિ. ષડ્રસ ભોજન કાંઈ જીહ્વા ઉપર બલાત્કાર કરી તેમાં પરાણે પ્રવેશ કરતાં નથી. શ્રુતિમનોહર રાગો કાંઈ બલાત્કારથી આપણા કાનમાં પ્રવેશી લુબ્ધ કરતા નથી. તે જ પ્રમાણે ઇન્દ્રિયના સર્વ વિષયો વિકારના ઉદયકાળે આત્માની અનિચ્છા છતાં બલાત્કારથી તેને ભોગમાં જોડતા નથી.

કોશાઃ—પ્રભો! આપના કથનમાં મને હવે શ્રદ્ધા પ્રકટી છે. વિકારના આ ઉદયકાળે હું શું કરૂં તો તે સહેજે નિવૃત્ત થાય તે સ્પષ્ટ રીતે કહો.

સ્થૂલભદ્રઃ—ભેદજ્ઞાનના તારતમ્ય પ્રમાણે ઉદય કર્મ આત્મા ઉપર બળ કરી શકે છે. ઉદયમાન કર્મ કરતાં ઉપયોગબળ, ભેદ–જ્ઞાન અને વિવેકબુદ્ધિનો ઉદય વિશેષ જાગૃત કરવાથી, કર્મના ઉદયબળનો પરાભવ થવા યોગ્ય છે. સ્થુલ ભોગમાં વિલાસની ઇચ્છાનો ઉદય, તેમાં આત્મા તરફથી રસનું સિંચન થાય નહિ ત્યાં સુધી, કદી પણ બલવાન થઈ શકતો નથી; અને તે રસનું સિંચન કરવું યા ન કરવું તે આત્માની સ્વતંત્રતાની વાત છે. ઉદયમાં ન જોડાવું, તેમાં રસવૃત્તિ ન જ કરવી, તેને જ્ઞાન વડે પરીક્ષીણ કરી નાંખવી, એ જ કર્મના ઉદયજન્ય વિકારનો પરાજય કરવાનો ઉપાય છે. સામાન્ય જીવોમાં અને મહાત્માઓમાં માત્ર આટલો ફેર છે. જ્ઞાનીઓનું ઉપયોગ સામર્થ્ય અજેય હોય છે, અને ઉદયનું બળ તેમના પર ફાવી શકતું નથી. એક વખત ઉદયબળનો પરાભવ થયે પુનઃ તે તેટલા બળથી હુમલો કરી શકતું નથી. સામાન્ય જીવો મહાત્માના પદને ઈચ્છવા છતાં, તે પદની પ્રાપ્તિ માટે આવશ્યક ઉપયોગબળ તેઓ પ્રકટાવી શકતા નથી અને તેટલા જ માટે તેઓ તેમની હાલની સ્થિતિથી એક પગલું પણ આગળ વધી શકતા નથી. તેઓને સહજ પણ નિમિત્તનો ઉદય થતાં તુરત જ તેમાં રંગાઈ જઈ પોતાના ઉપર કર્મબળનું પ્રાધાન્ય સ્વીકારે છે. હસવાનું નિમિત્ત પ્રાપ્ત થતાં હસે છે, રડવાનું નિમિત્ત પ્રાપ્ત થતાં રડે છે. વેદોદય થતાં તે કર્મમાં પ્રવૃત્ત થાય છે અને જુગુપ્સિત પદાર્થનું દર્શન થતાં ગ્લાનીવશ થાય છે; ટુંકમાં જેવું જેવું નિમિત્ત મળે તેવા તેવા કાર્યમાં તુરત જ પ્રવૃત્તિ કરે છે. પરંતુ જ્ઞાની જીવો નિમિત્તથી તદ્દન સ્વતંત્ર રહે છે. નિમિત્તની સત્તાને તેઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વીકારતા નથી, તેઓ જાણે છે કે જડ કરતાં ચૈતન્યની સત્તા અનંતગુણી અધિક બલવાન છે. કોશા! તમારા હાલના વિકાર-ઉદયને તટસ્થપણે સાક્ષીભાવે જોયા કરો અને તેમાં રંગાયા વિના થોડો કાળ ધૈર્યપૂર્વક વિતાવો.

કોશાઃ-પ્રભો! આપના આ ઉપદેશથી મારા અંતરમાં એક અદ્‌ભૂત રહસ્યનો ઉદય થયો છે અને તે સાથે સદ્‌ગુરુના સાન્નિધ્યનો મહિમા પણ આજે મને અનુભવગોચર થયો છે. આપ મૂર્તિમાન ઉપદેશ છો, ચારિત્ર્ય છો, પ્રભુત્વ છો મારા આપને અનંત વંદન છે. કર્મની સત્તા ઉપર વિજય મેળવવાના રહસ્યનું આજે મને સ્હેજે પ્રદાન કરવાના બદલામાં હું રંક કાંઈ પણ આપવા અસમર્થ છું. પ્રભો! તેમ છતાં મારા હર્ષના સમુદ્રમાંથી નેત્રદ્વારા સરી આવતી આ મોતીની માળા સ્વીકારો.



( પેજ ૧૩૮ થી ચાલુ )

પુસ્તકોમાં યુક્તિપૂર્વક સપ્રમાણ સ્યાદ્વાદ અનેકાંતવાદનું ભાષામાં એવું તો મનોહર વર્ણન આલેખ્યું છે કે સામાન્ય અભ્યાસી પણ સ્યાદ્વાદના ગહન વિષયને સુગમતાથી સમજી શકે તેમ છે. તેઓશ્રીના ગ્રંથોમાં જૈન દર્શન શું છે? એ સ્પષ્ટ જોવા મલે છે. તેઓશ્રીંના અમૂલ્ય ગ્રંથરત્નો જૈન સમાજને જેટલા ઉપયોગી અને લાભકર્ત્તા છે તેટલા જ જૈનતર સમાજને ઉપયોગી છે. જે સમયમાં મૂર્ત્તિવાદનો સર્વથા અપલાપ થતો હતો, મૂર્ત્તિપૂજન નિષેધ માટે આકાશપાતાળ એક કરવામાં ભગીરથ પ્રયત્નો યોજાયા હતા અને પ્રાચીન મૂર્ત્તિવાદનો વિધ્વંસ કરવા જોર શોરથી ચારે બાજુથી અનેક અઘટિત આક્ષેપોનો ભયંકર દાવાનળ સળગ્યો હતો ત્યારે એ ભયંકર દાવાનળની સામે ઊભા રહી એકલા એ ભડવીર શ્રી આત્મારામજી મહારાજે અનેક પ્રાચીન શાસ્ત્રોનાં પ્રમાણો અને દલીલોની અખૂટ વર્ષા વર્ષાવી એ દાવાનળને શાંત કર્યો અને સદાને માટે સંસારમાં મૂર્ત્તિવાદને સ્થાપન કર્યો. આ રીતે શ્રી આત્મારામજી મહારાજ એકલા જૈનોના જ ઉપકારી છે એમ નથી પરંતુ સમગ્ર વિશ્વના તેઓશ્રી મહાન્ ઉપકારી છે. પોતાની સાઠ વર્ષની જિંદગાનીમાં જૈનતત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, તત્ત્વનિર્ણયપ્રાસાદ, ચિકાગો પ્રશ્નોત્તર, જૈનધર્મ પ્રશ્નોત્તર, સમ્યક્ત્વશલ્યોદ્ધાર, ચતુર્થસ્તુતિનિર્ણય, નવતત્ત્વ, ઇસાઈમત સમીક્ષા, ઉપદેશબાવની વિગેરે વિગેરે વિદ્રદ્‌ભોગ્ય ગ્રંથો રચી સાહિત્યમાં મોટામાં મોટો વધારો કર્યો છે. રાષ્ટ્રભાષામાં ઉપર્યુક્ત ગ્રંથો આલેખી શ્રી આત્મારામજી મહારાજે રાષ્ટ્ર-ભાષાની અપૂર્વ સેવા કરી છે. જૈન સમાજને અને અખિલ સંસારને એ ગ્રંથો દ્વારા અત્યંત ઊપકૃત કર્યો છે.

—મુનિશ્રી ચરણવિજયજી

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ
વિગેરે ..................

શીપ
બીલ્ડર્સ
અને
એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ
વિગેરે ..................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
## પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનીની દશા

"आत्मवत् सर्वजीवेषु यः पश्यति स पश्यति" ।।

પોતાના આત્માની પેઠે જે સર્વ જીવોમાં જુવે છે તે સર્વ ધર્મને દેખે છે. તેથી સર્વ આત્માઓ પોતાના સરખા અર્થાત્ પોતાના બંધુસમાન તેને લાગે છે. તેને કોઈ શત્રુ પણ લાગતો નથી અને કોઈ તેને પ્રિય પણ લાગતો નથી; સર્વ જીવો પોતપોતાની દશા પ્રમાણે છે તેમાં દ્વેષ વા રાગની કલ્પનાની જરૂર તેને દેખાતી નથી. તે જેવી વસ્તુ હોય તેવી દેખે છે અને આદર્શની પેઠે તટસ્થ સાક્ષીપણે સર્વનો જ્ઞાતા અને દ્રષ્ટા બને છે અને નિર્લેપ રહે છે. વ્યાવહારિક તથા પારમાર્થિક જીવન ગાળે છે છતાં બાહ્ય વસ્તુઓમાં લેપાતો નથી. બાહ્ય વસ્તુઓનાં કાર્યોને પોતાના માથે આવી પડેલી ફરજ તરીકે ગણી કરે છે પણ તેમાં હું તુંની કલ્પના કરતો નથી. તેવો જ્ઞાની નિર્લેપ રહીને વિશેષતઃ સર્વનું ભલું કરવા સમર્થ થાય છે. દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવ પ્રમાણે ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ પ્રકારના વિવેકને ગ્રહણ કરે છે. સર્વ પ્રકારનાં કાર્યોમાં લાભ અને અલાભની તરતમતા જાણી શકે છે પારમાર્થિક જીવન ગાળવા માટે બને તેટલો નિષ્કામપણે આત્મભોગ આપે છે. જ્ઞાન દર્શન અને ચારિત્રની ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા સદાકાલ આત્મોપયોગમાં રમે છે. ગૃહસ્થ-ધર્મમાં રહ્યો હોય તો ગૃહસ્થના અધિકાર પ્રમાણે સર્વ બાબતોમાં વર્તે છે અને સાધુધર્મ અંગીકાર કરે છે તો સાધુના અધિકાર પ્રમાણે વર્તે છે; સદ્ગુણો તરફ દૃષ્ટિ રાખે છે અને દુર્ગુણો ટાળવા માટે પ્રયત્ન કરે છે. ગુણાનુરાગ દૃષ્ટિથી સર્વત્ર–સર્વથા સર્વ મનુષ્યોના ગુણોને ગ્રહણ કરે છે. જગતના આક્ષેપો સહન કરવા શૂરવીર બને છે અને મનમાં અત્યંત ધૈર્ય ધારણ કરે છે.

હું શુદ્ધાનંદ સ્વરૂપમય પોતે છું એમ નિશ્ચય કરે છે. જેથી દુઃખ થાય વા સુખ તે હું નથી, દુઃખ એ આત્માનો શુદ્ધ ધર્મ નથી; માટે દુઃખની કલ્પના કરવાનું જ્ઞાનીને કંઈ પણ પ્રયોજન જણાતું નથી. જે જે વખતે દુઃખ વા શોક થાય તે તે વખતે જાણવું કે મનનું જોર વિશેષ છે અને આત્મા પોતે મનના તાબામાં વર્તે છે તેમજ જે જે વખતે આત્માનો સહજ આનંદગુણ ખીલે અને બાહ્યમાં સમભાવે જોવાય ત્યારે સમજવું કે આત્મા પોતે તે વખતે નિર્મલ છે અને મનને પોતે વશ કર્યું છે. શુદ્ધાનંદ સ્વરૂપના ઉપયોગમાં રહેતા આત્મા પોતાને નિરાકાર સ્વરૂપપણે નિહાળે છે અને પોતાના સ્વરૂપનો પોતે નિશ્ચય કરે છે કે જડ આકારોથી હું ભિન્ન છું, નિરાકાર છું, સર્વ પ્રકારના સાકાર પ્રપંચોથી ભિન્ન છું ત્યારે સાકાર પદાર્થોનું મમત્વ તેમજ તેમાં અહંત્વ કેમ મ્હારે કલ્પવું જોઈએ? અલબત્ત ન કલ્પવું જોઈએ–ઈત્યાદિ સ્વરૂપનો જ્ઞાની આત્મા પોતાની મેળે નિશ્ચય કરે છે.

આત્મજ્ઞાની સ્વાભાવિક સુખપ્રદ શુદ્ધાત્મપદને ઈચ્છું છું, તે વિના હું અન્ય કંઈ પણ ઈચ્છતો નથી–એમ નિશ્ચય કરે છે; આત્મ પ્રયત્નથી સર્વ કર્મનો નાશ કરવા હું ઉત્સુક થયો છું એમ નિશ્ચય કરે છે. મ્હારા સહજ સ્વરૂપમાં સુખાનંદમહોદધિ છે એમ અનુભવ કરે છે અને જ્ઞાનાદિ સર્વ સદ્ગુણો પોતપોતાના સ્વરૂપે મ્હારામાં વર્તે છે એમ નિશ્ચય કરે છે.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન સંઘના મહાન પ્રભાવક, સર્વશાસ્ત્રનિપુણ આચાર્યદેવ

# વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજીનું શાસન સેવાને સમર્પિત અદ્વિતીય પરોપકારી જીવન

**મધ્યાન્હનો સમય.** ઘડિયાળે એક ટકોરો કરી એકત્વભાવની સૂચના કરી. સૂર્યનો પ્રચંડ પ્રકોપ ડામરના રસ્તાને દઝાડી રહ્યો હતો, ત્યારે શાંત અને સમતાના પ્રતિકરૂપ ઉપાશ્રયમાં લાંબી કતાર લાગી હતી. બરાબર ૧૨-૩૯ નો સમય થતાં પરમ પુન્યશાળી ને ભાગ્યશાળી ગુરુદેવના આશિર્વચન શાખે મસ્તક પર વાસક્ષેપ સહિત બહાર નીકળ્યા. ચહેરા ઉપર હાસ્ય અને ઉલ્લાસ અનેરાં હતાં. ધીમે ધીમે એક પછી એક બહાર આવે અને ગુરુજીના આશીર્વાદ મેળવવા માટે પોતાની જાતને ધન્ય લેખે. અવિરત શ્રમ લઈ, કલાક સુધી ગુરુજી મન, વચન, કાય એકરૂપી બની હાર્દિક આશીર્વાદ વરસાવતા હતા. છતાં ચહેરા પર સંપૂર્ણ પ્રસન્નતા, અનુપમ તેજની ઝલક, અને સમતાની ત્રિવેણી ગુરુજીનો પ્રભાવ વધારી રહી હતી. દરેકના હૈયામાં ગુરુજીની પ્રશસ્તિ કલ્લોલ કરતી જણાતી. આવું સુખદ, સ્વર્ગીય દૃશ્ય નિહાળી હૈયું થનગની ઉઠયું. 'જય હો શાસનસ્તમ્ભ-વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજીને' શબ્દો ગુંજી ઊઠ્યાં.

નસીબવંતુ ભાવનગર જીલ્લાનું નાનકડું ગામ ખાટડી, જેણે આવી પરમ ઉપગારી પ્રભાવશાળી વ્યક્તિના જન્ય દાતવ્યનો યશ ખાટ્યો. ધન્ય સમય રેખા પર અંકિત બનેલ સંવત ૧૯૭૪. ધન્ય બન્યા તે દિવસ ને પળ. પિતા પિતામ્બરદાસને આંગણે પનોતા પુત્રનો જન્મોત્સવ ઉજવાયો. માતા સાંકળીબાઇનું હૃદય હર્ષવિભોર બન્યું. સમય લહરીના સુરમ્ય ગાન સાથે તેમનું વય વધતું ચાલ્યું. પણ વૈરાગ્યના ભાવને વરેલાને સંસારના સમણાં સ્પર્શી ન શકયા. કિશોર વયમાં ફક્ત ૧૩ વર્ષની ઉંમરે શાસનસમ્રાટ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી પાસે ભાવપૂર્વક ચારિત્ર્ય ગ્રહણ કર્યું. ધન્ય બન્યું એ વર્ષ ૧૯૮૮ નું. સાંસારિક પિતા પં. શ્રી પુણ્યવિજયજીના શિષ્ય રત્ન બન્યાં. જોત જોતામાં હીરા ઉપર પહેલ પડવા શરૂ થયા. કાંતિ, ઓજસ ને પ્રકાશની સરવાણીઓ ફુટી નીકળી. જ્ઞાન-જ્યોતના ઝળહળાટે શ્રોતા વૃંદોના હૈયાને આકર્ષી લીધા. સંસ્કૃત શ્લોકોની રચનાએ પંડિતોના મન પર અનેરો પ્રભાવ પાડ્યો. સર્વશાસ્ત્ર-નિપુણનું બિરુદ એમના ચરણમાં ઝૂકી પડયું. તેમની કલમે અનેક ગ્રંથો સર્જાયાં. જ્યોતિષ-વિદ્યામાં અજોડ પૂરવાર થયા. ધાર્મિક ક્રિયા, પ્રતિષ્ઠા, મંદિર માટેની ખનનવિધિ તેમના અનુષ્ઠાનોના મુહૂર્તો મેખ જેમ સાબિત થતાં દરેક નિર્વિઘ્ને પૂર્ણાહુતિ પામી ગુરુજીના યશસ્વી ક્ષેત્રનો વિસ્તાર વધારતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૨૦૨૧માં મુંબઈ મુકામે, આઝાદ મેદાનમાં, આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીના વરદ હસ્તે તેમને આચાર્યપદ પ્રદાન થયું. હાલના વડા પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ તથા ભાવનગરના નરેશ શ્રી કૃષ્ણકુમારસિંહજી આ મહોત્સવમાં હાજર હતા. જૈનો તેમજ જૈનેતરમાં ગુરુદેવની સુવાસ પવનવેગે પ્રસરી રહી હતી.

લગભગ ૧૫ વર્ષ પૂર્વે ઉપધાન તપશ્ચર્યાની વિધિ રેશનીંગને કારણે પ્રતિબંધિત થઈ હતી. પૂજ્ય ગુરુદેવે એ ન્યાયમૂર્તિ અને અન્ય અમલદારોને આ તપની મહત્તા અને અનાજનો યથેચ્છ ઉપયોગ વગેરે સ્પષ્ટપણે સમજાવ્યું. તેથી માપબંધીના સમયમાં ૧૫ વર્ષ અગાઉ દોલતનગરમાં ભારતભરમાં માત્ર એક જ સ્થળે ઉપધાન કરાવવામાં ગુરુજી સફળ નીવડ્યા હતા.

જૈન શાસનના મહાન રક્ષક ગુરુદેવની દીર્ઘદૃષ્ટિ અને કુનેહ ઉચ્ચ કક્ષાના હતા. તેની ફળશ્રુતિ કેસરીયાજીનું ભવ્ય દેરાસર જે પાલીતાણા, તળેટી રોડ પર સાકાર બન્યું.

કલ્પનાથી પર તેવું સાદું જીવન જીવતા. ગોચરીમાં ઘેંશ જેવી મામુલી ચીજ લેતા. જાપ અને સાધના જીવનમાં તાણાવાણા જેમ વણાઈ ગયા હતા, તેથી કલાકોના કલાકો એકાંતમાં જાપમાં જ બેસી રહેતા. તેમની ગુરુભક્તિ, શિષ્ય વાત્સલ્ય, શાસન ભક્તિની સહુ કોઈ ભૂરિ ભૂરિ પ્રશંસા કરતા.

શરીરના પુદ્ગલો ઉપર સહેજ પણ રાગ ન હતો. કેન્સરની ગાંઠની અસહ્ય પીડા સમયે પણ સમતાની સરિતાની ઠંડક જ મ્હાણતા. પૃચ્છા કરનારને 'ઘણું સારૂં છે'–એવો જ જવાબ મળે. છેવટે મહામંત્ર નવકારના જાપ સાથે સંપૂર્ણ સમાધિપૂર્વક દેહને જીર્ણ વસ્ત્ર માફક સંવત ૨૦૩૪ના વૈશાખ વદી ૧૨ ને શુક્રવારે ત્યજી દીધો ને કાળધર્મ પામ્યા.

બીજે દિવસે અમદાવાદને આંગણે ભાવિકોના ટોળેટોળા અંતિમ દર્શન કરવા ઉમટ્યા હતા. મુંબઈ, ભાવનગર, વડોદરા, સુરત, તેમજ અન્ય શહેરો અને ગામડાઓમાંથી ભાવિકોનો પ્રવાહ સતત વહી રહ્યો હતો. લગભગ ૯–૦૦ વાગતા 'જય જય નંદા, જય જય ભદ્દા'ના ગગનભેદી અવાજોથી અંતિમ યાત્રા શરૂ થઈ. શાંતિવનમાં લગભગ ૧૨ા વાગે તેમના નશ્વર દેહને અગ્નિસંસ્કાર ગુરુજીના સંસારી કાકાના પુત્ર શ્રી કાળુભાઈ( ભાવનગરવાળા )એ કર્યો હતો.

ઉછામણીની ઉપજ રૂા. ૬૫) હજાર અને તેમના સ્મારક અંગેની ટીપમાં રૂા. ૭૫) હજાર થયા હતા.

જૈન શાસનના મહાન સ્થંભ કાળધર્મ પામતાં ન પુરાય તેવી જૈન સંઘને મહાન ખોટ પડી છે. તેઓશ્રીના પરમ પાવન આત્માને સંપૂર્ણ અખંડ શાંતિ પ્રાપ્ત રહો.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી ખીમચંદભાઈ શાહ

લગભગ છ વર્ષ પહેલા મનસુખલાલ તારાચંદ મહેતા સાથે ખીમચંદભાઈ મને ગોડીજી ઉપાશ્રયે મળ્યા હતાં. પ્રથમ મુલાકાતમાં જ તેમની સજ્જનતા અને સ્મરણશક્તિ માટે મને માન ઉપજ્યું હતું. ઘણા વર્ષો પહેલાં મારા અષ્ટકો, શ્લોકો ઉપરાંત સ્યાદ્વાદ મંજરીના પાંચ કે છ શ્લોકો માસિકમાં છપાયા હતાં, તે તેમને યાદ દેવડાવ્યું ત્યારે મને ઘણો જ આનંદ થયો હતો. સાથોસાથ સ્યાદ્વાદ મંજરીને ગુજરાતી ભાષામાં હું પૂર્ણ કરી શકયો નથી તે માટે મને મીઠો ઠપકો પણ આપ્યો હતો. આજે મને પણ અફસોસ છે કે તે સમયે જ આ ગ્રંથને ગુજરાતીમાં ઉતારી લીધો હોત તો સમાજને એક સારામાં સારી ભેટ આપવા બદલ મને આજે પણ સંતોષ રહેવા પામત. પરંતુ હવે તો અફસોસ જ શેષ રહ્યો છે. બંને મહાનુભાવો જે આજે સ્વર્ગસ્થ છે તેમની ઉદારતા માટે આજે પણ મને માન છે; શાસનદેવને એટલી જ પ્રાર્થના છે કે નિખાલસભાવે સેવા કરનારા મહાનુભાવો ફરી ફરીથી ઉત્પન્ન થતા રહે કેમકે સમાજને તે સેવકોની બહુ જ આવશ્યકતા છે.

—પૂર્ણાનંદવિજય (કુમારશ્રમણ)

## શોક ઠરાવ

શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈ શાહનું દુઃખદ નિધન થતાં શ્રી ભાવનગર જૈન શ્વે. મૂર્તિ. તપાસંઘની મીટીંગ તા. ૨૫–૫–૧૯૭૮ રાત્રીના મળી હતી તેમાં નીચે મુજબ શોક ઠરાવ થયો હતો.

શ્રી ભાવનગર જૈન સંઘના ઉપપ્રમુખ તરીકે જેમણે વર્ષો સુધી સેવા આપી છે, તેવા શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈ શાહનું દુઃખદ નીધન તા. ૮–૫–૭૮ના રોજ રાત્રીના થયેલ છે.

શ્રી ખીમચંદભાઈ શામળદાસ કોલેજમાં ગણીતના પ્રોફેસર હતા છતાં તેમને સાહીત્યનો અને ખાસ કરીને જૈન દર્શનનો ઊંડો અભ્યાસ હતો. તેઓશ્રીએ જૈન આત્માનંદ સભાના પ્રમુખ તરીકે ઘણા વર્ષો સુધી સેવા આપેલ છે.

મકાન બાંધકામમાં તેઓ ઘણો રસ લેતા હતા. આપણા સંઘના મકાનો જેવા કે નૂતન ઉપાશ્રય, દાદા સાહેબ, શ્રાવીકા ઉપાશ્રય વગેરેના બાંધકામમાં અંગત રસ લઈ સારા કલાત્મક મકાનો બંધાવેલ છે. આટલા વિદ્વાન હોવા છતાં તેઓ ઘણા સાદા અને નીરાભિમાની હતા. તેમના દુઃખદ નીધનથી ભાવનગર સંઘને અને સમાજને ન પુરી શકાય તેવી ખોટ પડી છે. તેમના વીશાળ કુટુંબ ઉપર આવી પડેલી આપત્તી સહન કરવાનું પરમ કૃપાળુ પરમાત્મા બળ આપે તેવી પ્રાર્થના છે. તેમના પવિત્ર પુણ્યશાળી ઉમદા આત્માને શાસનદેવ શાશ્વત શાંતી અર્પે એ જ અભ્યર્થના.

આ ઠરાવની એક નકલ તેમના કુટુંબીજનો ઉપર મોકલવાનું અને છાપામાં મોકલવાનું ઠરાવવામાં આવે છે.

તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી:
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only